
# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्



# ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

Vol.2, Issue. 24, September-2020


ગાંધીજીનું સ્થાન જગતના રાજકીય ઈતિહાસમાં અનોખું છે. પીડિત પ્રજાની સ્વાતંત્ર્યની લડતને માટે તેમણે સાવ નવી ને મનુષ્યને છાજે એવી રીત શોધી કાઢી છે, અને ભારેમાં ભારે સ્ફૂર્તિ ને એકનિષ્ઠાપૂર્વક તેને અમલમાં પણ ઉતારી છે. તેમણે સુધરેલી દુનિયાના વિચારશીલ લોકો પર જે નૈતિક અસર પાડી છે તે આપણા, પશુબળના પ્રાબલ્યવાળા, યુગમાં સંભવિત દેખાય એના કરતાં વધારે લાંબો કાળ ટકી રહેશે. કેમ કે રાજકાજમાં પડેલા મુત્સદ્દીઓ જેટલે અંશે પોતાના અંગત ઉદાહરણથી અને લોકો પર પ્રભાવ પાડીને પોતાની પ્રજાના નીતિબળને જાગૃત અને સંગઠિત કરે તેટલે અંશે જ એ મુત્સદ્દીઓનું કાર્ય ચિરસ્થાયી રહે છે.

–આલબર્ટ આઈનસ્ટાઈન

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

જગતે વખતોવખત મહાપુરુષોને પેદા કર્યા છે. દરેક પ્રજાએ તેના પોતાના સાધુસંતો, શહીદો, વીરો, કવિઓ, લડવૈયાઓ ને મુત્સદ્દીઓને જન્મ આપ્યો છે. રાજારામમોહન રાય, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદથી માંડીને લોકમાન્ય તિલક, શ્રી અરવિંદ, રવિન્દ્રનાથ ટાગોર લગીના મહાપુરુષોએ ભારતીય સંસ્કૃતિને જે રીતે નવેસર સીંચી સમારી તેના સીમાડા વિસ્તાર્યા, એમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો ફાળો નિર્વિવાદપણે સૌથી મોટો અને શક્તિશાળી ગણાયો છે. વિશ્વના અન્યાયો, બુરાઈઓ અને હિંસાખોરી સામે સત્યાગ્રહ અથવા અહિંસક પ્રતિકારનું હથિયાર વાપરતાં ગાંધીજીએ જ ભારતને અને વિશ્વને શીખવ્યું છે. ભારતની કરોડોની વસ્તીમાં એવું એક પણ માણસ ભાગ્યે જ મળશે જે ગાંધીજીનું નામ ન જાણતું હોય. પહાડમાં રહેનારી કોમો અને આદિવાસીઓ પણ દરિદ્રનારાયણના આ મિત્ર અને સહાયકને ઓળખે છે ને ચાહે છે. આજના જમાનામાં ભારતીય પ્રજાના જીવનમાં ગાંધીજીના જેટલો આગળ પડતો ભાગ કોઈએ ભજવ્યો નથી. યુરોપમાં તો સામાન્ય રીતે હિંદુસ્તાનને 'ગાંધીનો દેશ' તરીકે જ ઓળખાય છે.

અહિંસા એ ગાંધીજીના શિક્ષણની સારભૂત વસ્તુ છે. અહિંસાની ગાંધીજી પ્રણીત વ્યાખ્યા જૂના ધર્મગ્રંથોની કલ્પના મુજબની નરી નકારાત્મક વસ્તુ નથી, પણ તીખામાં તીખી શસ્ત્રયુધ્ધની અવેજી ભરી શકે એવું અમોઘ અને અફર નૈતિક શસ્ત્ર છે, એવો એમનો દાવો છે. અને એ દાવાને સિધ્ધ કરવા હરહંમેશ તેઓ પોતાની જિંદગી અને જીવનભરની કમાણીને હોડમાં મૂકતા આવ્યા હતા. ગાંધીજીએ અહિંસાનું જે પ્રતિપાદન પોતાનાં વચન અને આચરણ દ્વારા કર્યું છે તે સાવ મૌલિક છે. ગાંધીજીના વચન અને કર્મમાં, વિચાર અને આચારમાં કેવી તલસ્પર્શી એકતા છે, તેમના સમગ્ર જીવનને કાર્યમાં કેવો સુંદર મેળ છે, કેવો સમધુર સંવાદ છે. એ સંવાદમાં જ સાચી સત્યનિષ્ઠાનું ખરું હાર્દ રહેલું છે. તેને લીધે તેઓ માત્ર આપણા યુગની જ નહી પણ સર્વ યુગની એક સર્વશ્રેષ્ઠ વિભૂતિ બન્યા છે. જગતને આજે ગાંધીજીની જે ઉપયોગિતા છે તે તો બેશક અહિંસક પ્રતિકાર અથવા સત્યાગ્રહને અંગે છે. આ હકીકતના જ્ઞાનથી એકલું ભારત જ નહીં, પણ આખું જગત કદાચ ઊગરશે.

અહિંસાનો સંદેશ સૌને માટે છે. એને દેશકાળની સરહદો નથી જયાં જયાં અને જયાં લગી આ સંસારમાં અન્યાય, શોષણ વગેરે રહેશે ત્યાં ત્યાં અને ત્યાં લગી શસ્ત્રયુધ્ધની જગાએ આવી અહિંસાનો પ્રયોગ કરવો, એ ગાંધીજીનો સંદેશો દુનિયાનાં તમામ પીડિતોને માટે અમોઘ શસ્ત્ર છે. અહિંસાનું અમોઘ શસ્ત્ર નબળા કે પોચાથી ઉપડી ન શકે. શસ્ત્રધારીના કરતાં ચડિયાતી વીરતા, ખેલદિલી, અને આત્મભાવ એ માગી લે છે. સમગ્રભાવ, પ્રેમવિસ્તાર, વિશ્વબંધુત્વ એવાં અનેક નામો એને મળ્યાં છે; પણ મૂળે એ એક જ વૃત્તિ છે. આમ છતાં અહિંસા વસ્તુ દુઃસાધ્ય નથી. સામુદાયિક પાયા પર પણ થોડીક શિસ્તસાધનાથી એ સુસાધ્ય છે, એવી ગાંધીજીની આંતરિક શ્રધ્ધા છે. આ જ શ્રધ્ધા એમના અનેક પ્રયોગો અને નાનાંમોટાં સત્યાગ્રહ–યુધ્ધોના પાયામાં રહેલી છે. ગાંધીજી કહે છે કે આપણે, એટલે કે સમાજરચનાના અંગભૂત માણસો, પોતે જ વ્યાધિરૂપ છીએ; અને જો સંસ્કૃતિને સુધારવી હોય તો આપણે જાતે પલટાવું જોઈએ.

રોમે રોલાં કહે છે કે, 'ગાંધીજી એકલા હિંદુસ્તાનના ઈતિહાસના એવા નાયક નથી જેમની સ્મૃતિ હજારો વરસ સુધી લોકોનાં મનમાં જડાયેલી રહેશે. હિંદુસ્તાનના લોકોમાં તેમના ઐકયનું, તેમની શક્તિનું, સ્વરાજપ્રાપ્તિના તેમના સંકલ્પનું ભાન જગવનાર હિલચાલના જ તેઓ પ્રાણ છે એમ નથી. તેમણે તો પશ્ચિમની તમામ પ્રજાઓને માટે, તેઓ ઈસુ ખ્રિસ્તનો જે સંદેશો ભૂલી ગયેલી કે તેમણે બતાવેલો રસ્તો છોડી અવળે રસ્તે ચાલેલી, તે પ્રજાઓને એ સંદેશાનું આચરણ કરી બતાવી તેને ફરી તાજો કર્યો છે. તેમણે પોતાનું નામ જગતના ઋષિઓ ને સાધુસંતોની હારમાં લખાવ્યું છે; અને તેમની મૂર્તિનું તેજ પૃથ્વીના સર્વ પ્રદેશોમાં વ્યાપી વળ્યું છે.'

મહાત્મા ગાંધી કેટલાક સદ્‌ગુણોને વધારેમાં વધારે મહત્વ આપે છે, ને તે કેળવણીની આવશ્યકતા પર ઘણો જ ભાર દે છે. તેઓ માને છે કે એ ગુણો કેળવનાર માણસ ઈશ્વરથી ડરીને ચાલે તો જગતમાં જેનું સંભારણું કાયમ રહે એવું કામ કરી જાય છે. પહેલો ગુણ તે સત્ય. તેઓ ઈશ્વરને પણ 'સત્યનારાયણ' એ નામે ઓળખે છે. 'સત્ય એ પરમેશ્વર છે, અને પરમેશ્વર એ સત્ય છે,' એ સૂત્ર તેઓ હંમેશાં ઉચ્ચારે છે. માણસનો અભિપ્રાય કેવો છે તે બહુ અગત્યની વાત નથી, સૌથી અગત્યની વસ્તુ તે માણસની સ્ફટિકસમી સત્યનિષ્ઠા છે. બીજો ગુણ તે અહિંસા. એનો અક્ષરાર્થ છે હિંસાનો અભાવ. તેમની અહિંસામાં પ્રેમ અને સેવાના ગુણનો સમાવેશ થાય છે. યુધ્ધ અને ખુનામરકીમાં સક્રિય ભાગ ન લેવો એનું નામ અહિંસા છે. પણ અપકારી ઉપર ઉપકાર કરવો, અવગુણ કેડે ગુણ કરવો, આપણું બૂરું કરનારનું મન જીતી લેવાને ગમે એટલું કષ્ટ વેઠવાને તૈયાર થવું, એ પણ અહિંસા છે. 'અહિંસા એ પરમ ધર્મ છે' એ એક પ્રાચીન શાસ્ત્રવચન છે. એટલે જ સત્યની સાથે મેળ સાધવામાં, ગાંધીજી પોતાનું આખું જીવન ગાળે છે. ત્રીજો મોટો ગુણ તે બ્રહ્મચર્યનો. ગાંધીજી કહે છે કે 'બ્રહ્મચર્ય' શબ્દની વ્યુત્પત્તિ 'બ્રહ્મ' એટલે કે પરમેશ્વર શબ્દમાંથી થયેલી છે. સત્ય અને અહિંસાનો સાચો ઉપાસક બ્રહ્મચારી પણ હોવો જોઈએ.

મહાત્મા ગાંધી ખરેખર ધર્મપરાયણ પુરુષ છે. ઈશ્વરની કૃપા વિના માણસ સર્વાંશે પાપમુક્ત થઈ શકતો નથી એમ તેઓ માને છે. તેથી પ્રાર્થનાને એમના જીવનમાં બહુ અગત્યનું સ્થાન મળેલું છે. તેઓ જેને આત્મપરાયણ જીવનનો માર્ગ ગણે છે તેનું સંપૂર્ણ સમર્થન ગાંધીજીને 'ગીતા'માં વધારે ને વધારે અંશે દેખાય છે. તેમની આશ્રમ પ્રાર્થનામાં 'ગીતા'ના કેટલાક શ્લોક રોજ ગવાય છે.

મહાત્મા ગાંધીનું નામ 'ખાદી' અને 'સત્યાગ્રહ' જેવી બે વસ્તુઓને લીધે સેંકડો વરસ લગી ચિરંજીવ રહેશે. અસ્પૃશ્યતા પરત્વે ભારતનાં વિચારશીલ સ્ત્રીપુરુષોના વિચારમાં ધરમૂળનો પલટો ગાંધીજી કરાવી શક્યા છે. અસ્પૃશ્યોને કાજે તેમણે જોશભેર ઉપાડેલી ઝુંબેશ વિશ્વ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાયેલી છે. તેમણે એ સવાલને ભારતીય રાજકારણમાં મોખરે આણ્યો છે, અને તેને સફળતાના પંથે ઘણો આગળ વધાર્યો છે. રૂઢિપૂજકોના જકકી ને હઠીલા વિરોધની સામે થઈને તેમણે આ કરોડો દુઃખી લોકોની પરિસ્થિતિ સુધારવાનો અથાગ ને અવિરત પ્રયત્ન કર્યો છે; અને ભારતને માથેથી આ કલંક ધોઈ કાઢીને તેને સુધરેલા દેશોમાં તેને યોગ્ય એવું અગ્રસ્થાન આપવાનો પ્રયાસ કર્યો છે. એકબીજાથી વિખૂટા પડેલા સામાજિક સમૂહોને તેમનાં વેરઝેર દૂર કરી મેળ કરવા સમજાવવાની બાબતમાં ગાંધીજીએ ઘણી પ્રગતિ સાધી હતી.

ગાંધીજીએ ભારતની ઘરગથ્થુ ને અતિ આવશ્યક જરૂરિયાતોને જાતે સમજી લઈને બીજાને સમજાવી છે, એમનો 'રેંટિયો' એમની એ સમજનું પ્રતીક છે. ગામડાંનો ઉધ્ધાર થવાથી ભારતનો પણ આર્થિક ઉધ્ધાર થાય. ગાંધીજીએ એ ઉધ્ધારને માટે પરિશ્રમ કર્યો છે એ એમની એક મોટામાં મોટી સેવા ગણાશે. સફાઈ અને પ્રજાકીય આરોગ્યના ક્ષેત્રમાં ગાંધીજી સમજે છે કે જયાં સુધી પ્રજાની ગરીબાઈ ઓછી થાય નહીં ત્યાં સુધી સફાઈ અને આરોગ્યને લગતા ઘણા પ્રશ્નોનો નિવેડો આવી શકે એમ નથી.

ગાંધીજીના જીવનમાં ત્રણ ગુણો સૌથી વિશેષ આગળપડતા છે–પહેલો ને સૌથી અગત્યનો ગુણ તે તેમની શુધ્ધ સાદાઈ, બીજો ગુણ તે તેમના મૂળભૂત સિધ્ધાંતો વિશેની ઊંડી અને સૂક્ષ્મ સમજ. ત્રીજો ગુણ તે કશા જ આડમ્બર વિનાની તેમની નિર્ભયતા. નિર્ભય થવું એ ગાંધીજીનો સ્વભાવ છે, તેથી તેમની નિર્ભયતા સ્વાભાવિક છે. તે સ્વાભાવિક છે તેથી શોભી નીકળે છે. તેમના માર્ગમાં આડે આવનાર સહુના પ્રત્યે તેઓ સદ્‌ભાવ ને સૌજન્ય દાખવે છે. એમની નિર્ભયતા માણસોને મિત્ર બનાવે છે, શત્રુ નથી બનાવતી; શાંતિ સ્થાપે છે. ગાંધીજી જેને અનુસારે છે–તે બીજાઓને તેમના પોતાના, ભલે સાવ જુદા, સિધ્ધાંતોને અનુસરવાની અજબ પ્રેરણા આપે છે.

હેનરી પોલાક રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વિષે કહે છે કે, "આજના મહાપુરુષોને વિષે આંક મૂકવાનો, અને જગતના આચારવિચારમાં તેમણે આપેલા ફાળાની ચર્ચા કરવાનો, સમય જયારે આવશે ત્યારે, રચનાત્મક સેવા અને મહત્તા બંનેની દૃષ્ટિએ વિચાર કરતાં, હિંદુસ્તાનના આ સર્વશ્રેષ્ઠ નેતાના પહેલાં કોઈ પણ નામ મૂકી શકાય એવું નહી હોય".

જગતે તેના મહાપુરુષને પિછાનવા ઘટે છે; તેના મહાન સેવકો પ્રત્યે ઉપકાર દર્શાવવો ઘટે છે. 'મરેલાને ફૂલ, ને જીવતાને કાંટા,' એ વચન કોઈકે કટાક્ષમાં કહ્યું છે. જીવતા માણસો જયારે લાયક હોય ત્યારે આપણે તેમને પણ કેટલીકવાર ફૂલની માળા પહેરાવવી ઘટે છે. ગાંધીજીના જીવતાં જ તેમનું નામ એક વ્યકિતનું નામ મટી ગયું છે; અને ગાંધી એટલે વર્તમાન દુઃખી જગતમાં એક અનોખા પ્રકારનો જીવનપથ, એવો અર્થ પ્રચલિત થયો છે. મહાત્મા ગાંધી સમાજવિદ્યાના મહાન વૈજ્ઞાનિક અને મહાન સામાજિક શોધક છે.

ગાંધીજી આપણને શીખવે છે કે પોતાના સમાજમાં રહીને મેળવેલી મહત્તા સિવાય બીજી કોઈ મહત્તા નથી; પોતાના પ્રાન્ત કે દેશમાં રહીને તેની સેવા કરતાં કરતાં કેળવેલું વિશ્વબંધુત્વ એ જ સાચું વિશ્વબંધુત્વ છે.

હરમેન કૈસરલિંગ મહાત્મા ગાંધી વિશે લખે છે કે, 'મહાત્મા ગાંધી એક મહાન ઐતિહાસિક વ્યકિત રહેશે તેનું એક બીજું કારણ છે. તે એ કે તેઓ બરાબર બે ભિન્ન–ભિન્ન યુગો વચ્ચેના ઊંબરા પર ઉભા છે. એક તરફથી ગાંધીજી ભારતવર્ષની સાધુતાના મૂર્તિમંત અવતાર છે; પણ બીજી તરફથી તેઓ નવામાં નવી ઢબના લોકનેતા છે.'

મહાત્મા ગાંધી જેઓ આજે આપણું મોટામાં મોટું નીતિબળ છે, આપણું મોટામાં મોટું તપોબળ છે. મહાત્મા ગાંધીની જન્મજયંતી પ્રસંગે **'वसुधैव कुटुम्बकम्'** ની ભાવનાથી ભરેલા એવા આપણા રાષ્ટ્રપિતાને મારાં સાદર નમન.

તા. ૧ ઓકટોબર, ૨૦૨૦

ડૉ. હેમાલીબેન દેસાઈ
ઈ.ચા.કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### સાહિત્ય પ્રદર્શન : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતી પ્રસંગે યુનિવર્સિટી ગ્રંથાલયમાં તા. ૨૪–૯–૨૦૨૦ થી તા. ૨–૧૦–૨૦૨૦ દરમ્યાન 'ગાંધી સાહિત્ય' નું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.





### અનુદાન

વૈદ્યરાજ શ્રી બાપાલાલ ગડબડદાસ વૈદ્ય એક અનન્ય પ્રતિભા હતા. મુંબઈની મેડીકલ કોલેજમાં પ્રવેશ લીધો પણ કુદરતમાં કશું બીજું નિર્માણ કે મુંબઈ ઈન્ડુલુએન્ડાની મહામારીમાં સપડાયું અને બાપાજી અભ્યાસ છોડી ફરી ઘરે પાછા ફર્યા.

શ્રી અમૃતલાલ પટણી તે સમયના પ્રખ્યાત વૈદ્યે એમના ગુરુ બની વૈદ્યનો અભ્યાસ કરાવ્યો. ઝાડેશ્વરે રહેવાનું, ભરૂચની પ્રાથમિક શાળામાં અધ્યાપન કરવાનું, સવાર–સાંજ દોડતા પહોંચવાનું, સાંજે દોડતા જ ભરૂચ પાછા ફરવાનું અને તે સમયે બસ અને રીક્ષા તો હોય જ ક્યાંથી.

સુરતનું સદ્ભાગ્ય કે સુરતમાં સ્થાયી થયા. સુરતની ઓચ્છવલાલ નાઝર આયુર્વેદ કોલેજ, તાપી બ્રહ્મચર્યાશ્રમ અને આત્માનંદ સરસ્વતી ફાર્મસી એટલે બાપાજીની સુરતને આપેલ અમૂલ્ય ભેટ.

બાપાજીએ ચોત્રીસ પુસ્તકોનું સર્જન કર્યુ. શ્રી રણજીતરામ સુવર્ણચંદ્રક મેળવી સુરતને પ્રખ્યાત કર્યુ. એમના જીવનકાળ દરમિયાન જોયેલું સ્વપ્ન એમના મૃત્યુબાદ પરિપૂર્ણ કર્યુ. સુરતે અને સુરત શહેર એમના નામને સાર્થક કરે તેવું શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રિસર્ચ સેન્ટર સ્થાપી ૧૯૯૪માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને અર્પણ કર્યુ.

શ્રી બાપજીના નિધન પછી યુનિવર્સિટી પ્રતિષ્ઠાન ખાતે સન ૧૯૯૬ની ૧૭ સપ્ટેમ્બરે શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરાઈ. શ્રી બાપાજીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે સુરત સ્થિત એક દાતા દ્વારા રૂા. ૧૦ લાખનું અનુદાન યુનિવર્સિટીને અર્પણ કરાયું. આ ઉપરાંત બીજા ૧૦ લાખના અનુદાનનું વચન અપાયું છે.

આમાંથી રૂા. ૧૦ લાખ દ્વારા 'શ્રી બાપાલાલ વૈદ્ય ચેર'નું નિર્માણ કરાશે જે અંતર્ગત વિવિધ શૈક્ષણિક અને સંશોધન અંગેની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાશે. ઉપરાંત બીજા રૂા. ૧૦ લાખમાંથી બાપાલાલ વૈદ્ય રિસર્ચ સેન્ટરનું મેન્ટેનન્સનું કાર્ય હાથ ધરાશે.

શ્રીમાન દાતા દ્વારા અનુદાનનો ચેક તા.૧૭–૯–૨૦૨૦ એ ઈ.ચા.કુલપતિ ડૉ. હેમાલીબેન દેસાઈ, ઈ.ચા.કુલસચિવ શ્રી એ.વી.ધડુક, બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર અને હેડ ડૉ. એમ.એન.રેડ્ડી અને સિન્ડિકેટ સભ્યશ્રી કશ્યપ ખરચીયાની ઉપસ્થિતિમાં યુનિવર્સિટીને સમર્પિત કર્યા.

### BSR Faculty Fellowship



યુનિવર્સિટીના કેમીસ્ટ્રી વિભાગના અધ્યક્ષ અને પ્રો. (ડૉ.) શ્રી નવીનચંદ્ર બી. પટેલને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન, નવી દિલ્હી તરફથી BSR Faculty Fellowship Award પ્રાપ્ત થયેલ છે. BSR Faculty Fellowship અંતર્ગત પ્રો.(ડૉ.) શ્રી નવીનચંદ્ર બી. પટેલને Fellowship પેટે પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ માટે દર મહિને ૫૦,૦૦૦ રૂપિયા અને Contingency માટે દર વર્ષે ૫,૦૦,૦૦૦ રૂપિયા મળવાપાત્ર છે. અભિનંદન.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### ગ્રંથદાન : આચાર્ય મહાપ્રજ્ઞજી

'આચાર્ય મહાપ્રજ્ઞજી' વ્યકિત નહી વિચાર છે, તેમનું સાહિત્ય સમગ્ર માનવ જાતિના કલ્યાણ માટેનું સાહિત્ય છે. તેઓ રામની મર્યાદા, શ્રી કૃષ્ણનો કર્મયોગ, મહાવીરની અહિંસા, બુધ્ધની કરૂણા, આઈનસ્ટાઈનની થિયરીના સમન્વિત રૂપ છે. તેઓ સાગર મેળવનાર મહાસાગર છે. તેઓ આત્મદ્રષ્ટા, યુગદ્રષ્ટા અને ભવિષ્યદ્રષ્ટા છે.

શ્રી જૈન શ્વેતામ્બર તેરાપંથી સભા, સીટીલાઈટ, સુરત તરફથી આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી કૃત 'મહાપ્રજ્ઞ વાંગ્મય'ની રૂા. ૪૨,૩૫૦–૦૦ના મૂલ્યની ૧ થી ૧૨૧ ગ્રંથોની ગ્રંથશ્રેણી યુનિવર્સિટી ગ્રંથાલયને તા.૧૮–૯–૨૦૨૦ના રોજ ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયમાં 'આચાર્ય મહાપ્રજ્ઞ સાહિત્ય કોર્નર' ની શુભ તા.૧૭–૯–૨૦૦૯ના રોજ કરવામાં આવી હતી, જેમાં આચાર્ય મહાપ્રજ્ઞજીના ૩૬૯ ગ્રંથો અને આ ગ્રંથોની વ્યવસ્થિત ગોઠવણી કરવા માટે રૂા.૧૭,૦૦૦ની કિંમતના ૦૨ બુક કેશ પણ ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ હતા.



### ગ્રંથદાન

યુનિવર્સિટી ગ્રંથાલયમાં વર્ષ: ૨૦૨૦ દરમ્યાન નીચે મુજબના દાતાશ્રીઓ પાસેથી ગ્રંથદાન મળેલ છે.

| ક્રમ | ગ્રંથદાતા | પુસ્તકની સંખ્યા | કિંમત |
|---|---|---|---|
| ૧ | ડૉ.બી.જે.અંકુયા,ઈ.ચા.ગ્રંથપાલ, વી.ન.દ.ગુ.યુ., સુરત. | ૨૭ | ૧૪૬૨૩ |
| ૨ | ડૉ. કિરણ પંડયા, પ્રો. એન્ડ હેડ, વી.ન.દ.ગુ.યુ., સુરત. | ૨ | ૩૫૭૦ |
| ૩ | ડૉ. નરેશ શુકલ, વી.ન.દ.ગુ.યુ., સુરત. | ૧ | ૧૩૫ |
| ૪ | એ.વી.ઘડુક, ઈ.ચા.રજીસ્ટ્રાર, વી.ન.દ.ગુ.યુ., સુરત. | ૧ | ૫૦૦ |
| ૫ | શાંતીલાલ ગોપાલ નાયાની, કચ્છ. | ૧ | ૫૦૦ |
| ૬ | ઉર્વશી બી. ગામીત, તાપી. | ૧ | ૧૨૦ |
| ૭ | રમેશચંદ્ર મગનલાલ શાહ, સુરત. | ૧ | ૨૬૧૫ |
| ૮ | આર.ડી.કંબોજ, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર. | ૨ | ૩૦૦૦ |
| ૯ | સીએ વિક્રમ છાવછરીયા, સુરત. | ૩ | ૨૮૩૫ |
| ૧૦ | માહિતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર. | ૧ | ૪૦ |
| ૧૧ | ધી સંદેશ લિમિટેડ., અમદાવાદ. | ૧ | ૭૦૦ |
| ૧૨ | ડૉ. વર્ષા સોલંકી,મજૂરાગેટ,સુરત. | ૧ | ૪૫૦ |
| ૧૩ | ડૉ. મનોજ આર. કંડોય,અંબરનાથ. | ૧ | ૧૨૯૫ |
| ૧૪ | કલાપ્રતિષ્ઠાન, કતારગામ, સુરત. | ૩ | ૧૨૫૦ |
| ૧૫ | શ્રી અખિલ ભારતીય સાધુમાર્ગી શાંત–કાંતિ જૈન શ્રાવક સંઘ,ઉદયપુર. | ૩ | ૩૫૦ |
| ૧૬ | હિના મોદી, સુરત. | ૬ | ૮૯૫ |
| ૧૭ | ડૉ. સુભાષ પાંડર, અમદાવાદ. | ૧ | ૨૨૦ |
| ૧૮ | યાકુબભાઈ કોઠારિયા, અમદાવાદ. | ૧ | ૩૦૦ |
| ૧૯ | પ્રો.(ડાૅ.) સોહન રાજ તાટેર, જોધપુર | ૧૦ | ૧૦૨૭૯ |
| ૨૦ | પેંટાગોન પ્રેસ લિ. ન્યુ દિલ્હી. | ૧ | ૪૯૫ |
| ૨૧ | લો પબ્લીશીંગ હાઉસ,અલાહબાદ. | ૪ | ૪૦૦૦ |
| ૨૨ | નેશનલ યુનિવર્સિટી ઓફ એજ્યુકેશન, ન્યુ દિલ્હી. | ૨ | ૨૦૦૦ |
| ૨૩ | ધર્મેશ એમ. રાઠોડ, રાજકોટ. | ૧ | ૧૬૫ |
| ૨૪ | શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ,મુંબઈ | ૧ | ૧૫૦૦ |
| ૨૫ | ડાૅ. ચૈતન્ય જ. દેસાઈ, સુરત. | ૫ | ૩૫૧૦ |
| ૨૬ | શ્રી અનુરાધા સંચેતી, સુરત. | ૨ | ૧૫૦૦ |
| ૨૭ | ડૉ. જયંત ટી. દેસાઈ, વલસાડ. | ૧ | ૧૭૦ |
| ૨૮ | કલ્પેશ શાહ, અડાજણ, સુરત. | ૨૮ | ૪૫૪૦૩ |
| ૨૯ | કિશોરભાઈ ધારીવાલ, સુરત. | ૧૨૧ | ૪૨૩૫૦ |
| | **કુલ** | **૨૩૩** | **૧૪૪૭૭૦** |

### ગ્રંથાલય ઉપભોકતા

| **માસ** | **મુલાકાતીઓની સંખ્યા** |
|---|---|
| જાન્યુઆરી | ૩૯૧૭ |
| ફેબ્રુઆરી | ૪૧૧૫ |
| માર્ચ | ૨૨૩૨ |
| એપ્રિલ | 'કોવિડ–૧૯' |
| મે | |
| જુન | ૮૨ |
| જુલાઈ | ૧૪૧ |
| ઓગષ્ટ | ૬૭ |
| સપ્ટેમ્બર | ૩૦૬ |
| | **૧૦૮૬૦** |

## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### "યુવા સશકિતકરણ અને રાષ્ટ્ર નિર્માણ" : વેબીનાર



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૧૬ જુન, ૨૦૨૦ મંગળવારના રોજ "યુવા સશકિતકરણ અને રાષ્ટ્ર નિર્માણ" વિષય અંતર્ગત Google Meet અને You Tubeના માધ્યમથી ૧૪માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં શ્રી પ્રદિપસિંહ વાઘેલા–પ્રદેશ મંત્રીશ્રી, બી.જે.પી. ગુજરાત મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાંથી ૧૯૦૦ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં શ્રી પ્રદિપસિંહ વાઘેલાએ જણાવ્યું કે, ભારત યુવા ધન ધરાવતો પ્રથમ ક્રમનો દેશ છે. ભારતમાં ઘણા બધા કુદરતી સંસાધનો પણ છે. જો યુવા શકિત અને કુદરતી સંસાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો ભારત વિશ્વ ગુરૂ બની શકે તેમ છે. વધુમાં તેમણે જણાવ્યું કે, આવતા વર્ષે ભારતનું GDP દર પણ યુવા શકિતના પ્રયાસથી ઊંચો રહેવાની પુરી શકયતા છે. વધુમાં તેમણે યુવા શકિતને સમયની મર્યાદા છોડીને સર્મપણ ભાવથી પોતાના દેશ માટે કાર્ય કરવા માટે આહ્‌વાન કર્યુ હતું.તેમણે પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા.

મુખ્ય વકતાનો પરિચય વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્યશ્રી મનિષ કાપડિયા તેમજ આભારવિધિ પ્રા. કમલેશ સાવલિયાએ કરી હતી. વેબીનારનું સંચાલન ડૉ. મેહુલ શાહ ડૉ. મયંક સોઢા અને ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું. અહી ઉલ્લેખનીય છે કે જયારથી લોકડાઉન થયુ ત્યારથી જ આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન દ્વારા આવા વેબીનાર સીરીઝ તેમજ વિદ્યાર્થી માટે ઓનલાઈન શૈક્ષણિક વર્ગો ચલાવવામાં આવે છે તેમજ ધોરણ ૧૨ પછી કારકીંદી માર્ગદર્શન અંગે દરરોજ રાત્રે ૦૯: ૦૦ કલાકે ગુગલ મીટ દ્વારા મોટી સંખ્યામાં લોકોને કારકીંદી અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.

You Tube Link : http://www.youtu.be/a80z588C5 4

### NSS અને NCC : કોરોના મહામારી અંગે જન જાગૃતિ અભિયાન

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના NSS અને NCC વિદ્યાર્થીનીઓ દ્વારા તા. ૨૦ જુન, ૨૦૨૦ના રોજ કોરોના મહામારીને અટકાવવા માટે અને સુરતની જનતાને જાગૃત કરવા માટે કતારગામ ઝોન ખાતે હાજર રહ્યા હતા. કતારગામ ઝોનમાં વધી રહેલા કેસને અટકાવવા અને લોકોમાં જાગૃતિ લાવવા કોલેજના NSS અને NCCના વિદ્યાર્થીઓ દ્વારા લોકોને કોવિડ–૧૯ અંગે વિસ્તૃત માહિતી આપી અને લોકોને સાવચેતીના પગલા લેવા તેમજ માસ્ક પહેરવુ અને સોશિયલ ડિસ્ટંન્સિંગનું પાલન કરવા જેવા સુચનો આપ્યા હતા.

આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. ડૉ. રાજેશ ડી. રાણા, પ્રા. વિજય એમ. ચૌધરી, પ્રા. જીતેન્દ્ર બી. ચૌધરી, પ્રા. નેહાબેન ઉપાધ્યાય, એન.સી.સી. CTO ભારતી કે. વાઘ, શ્રી એસ. આર.ખાન મેનેજર SMC તથા ડોકટર શ્રોફ, નાયબ આરોગ્ય અધિકારી કતારગામ ઝોનના નેતૃત્વ હેઠળ કતારગામ ઝોનના વિસ્તારમાં આવેલા હીરાના કારખાનાઓમાં અને ત્યાંના વિસ્તારમાં ઘરે ઘરે જઈ લોકોને માસ્ક પહેરી અને સોશિયલ ડિસ્ટંન્સિંગનું પાલન કરી કામ કરવું જોઈએ તેની સમજ આપી હતી અને હોમિયોપેથીક દવાઓનું વિતરણ કરી, ઉકાળા પીવા અને જો કોઈ અસ્વસ્થ જણાય તો નજીકના આરોગ્ય તબીબીની સલાહ લેવી જોઈએ. વિદ્યાર્થીઓ અને SMCના કર્મચારીઓ સાથે મળી લોકોને માર્ગદર્શન આપ્યુ હતું.



### "સ્ટાર્ટઅપ ફોર આત્મનિર્ભર ભારત" : નેશનલ વેબીનાર

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૬ જુલાઈ, ૨૦૨૦ સોમવારના રોજ "સ્ટાર્ટઅપ ફોર આત્મનિર્ભર ભારત" વિષય અંતર્ગત Google Meet અને

You Tube, Tweeter, Instagram, Microsoft Teamના માધ્યમથી ૧૫માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ. કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં શ્રી ડૉ. સંજય ચૌહાણ, ડાયરેકટર, જીટીયુ, ઈનોવેશન કાઉન્સિલ અને શ્રી નિખિલ મેઠીયા, ડાયરેકટર ડ્રોનેલેબ, સ્ટાર્ટઅપ પ્રતિનિધિ મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૧૨૦૯૧ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. સૌપ્રથમ શ્રી નિખિલ મેઠીયાએ સ્ટાર્ટઅપ અને આત્મનિર્ભર ભારતની સામાન્ય માહિતી તમામ પાર્ટીસિપન્ટ મિત્રોને આપી હતી. હાલમાં સ્ટાર્ટઅપની શું જરૂર છે અને યુવા વર્ગ આત્મનિર્ભર ભારતમાં કેવી રીતે ટેકારૂપ બની શકે તેની માહિતી આપી હતી. ત્યારબાદ વેબીનારના બીજા વકતા શ્રી ડૉ. સંજય ચૌહાણે વિગતવાર અને ઊંડાણપૂર્વક સ્ટાર્ટઅપની માહિતી આપી હતી. જેમાં તેમણે યુવા વર્ગ પાસે જો નવા વિચાર હોય તો તે વિચારને અમલી બનાવવા માટે રાજય સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી તે ઉપરાંત તેમણે પેટન્ટ કેવી રીતે નોંધાવવા અને શૈક્ષણિક સંસ્થાઓ માટે SSIP ગ્રાન્ટની વિગતવાર માહિતી આપી હતી.તેમણે પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા.

મુખ્ય વકતાશ્રીઓનો પરિચય ડૉ. મુકેશ ગોયાણી, ઈ.ચા.આચાર્યશ્રી, SFI અમરોલી કોલેજ તેમજ આભારવિધિ પ્રા. ડૉ. સેજલ દેસાઈએ કરી હતી. વેબીનારનું સંચાલન ડૉ. મેહુલ શાહ અને ડૉ. મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું. અહી ઉલ્લેખનીય છે કે જયારથી લોકડાઉન થયું ત્યારથી જ આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન દ્વારા આવા વેબીનાર સીરીઝ તેમજ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શૈક્ષણિક વર્ગો ચલાવવામાં આવે છે.

You Tube Link : https://youtu.be/pNQsI59JqZY

## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

### "કરિયર પ્રોસ્પેકટ્સ ઈન બેન્કિંગ સેકટર" : નેશનલ વેબીનાર

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં, આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ યુ–ટ્યુબ લાઈવ સ્ટ્રીમીગ અને ગુગલ મીટના માધ્યમથી કરિયર ગાયડન્સ સેલ અંતર્ગત બેંકિંગ ક્ષેત્રમાં કરિયર બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ડૉ. જતીન નાયક– જનરલ મેનેજર, ધી સુરત પીપલ્સ કો. ઓપરેટીવ બેંક, સુરત દ્વારા "કરિયર પ્રોસ્પેકટ્સ ઈન બેન્કિંગ સેકટર" પર નેશનલ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમણે સહભાગીઓને પબ્લિક અને પ્રાઈવેટ બેન્કિંગ ક્ષેત્રમાં કરિયર બનાવવા માટે કેવી રીતે એપ્લાય કરવું અને આ માટે બેઝિક રીકવાયરમેંટ શું છે એની માહિતી આપી હતી. એમણે સહભાગીઓને જણાવ્યું હતું કે પબ્લિક સેકટર બેંન્કિંગમાં રીક્રુટમેંટ માટે ઈન્સ્ટીટયુટ ઓફ બેન્કિંગ પર્સનલ સિલેકશન (આઈબીપીએસ) નાં પ્રોબેશન ઓફિસરઅને કલાર્ક માટેની પરીક્ષાની તૈયારી કરવી જોઈએ. એની સાથે ડીપ્લોમાં ઈન બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ અને CCC જેવા કમ્પ્યૂટર કોર્સીસની અનિવાર્યતા વિષે પણ જણાવ્યું હતું. આ પછી બેન્કિંગ ક્ષેત્રમાં જરૂરી એવી સ્કીલસ વિશે વાત કરતા એમણે કહ્યું કે, 'બેન્કિંગ ક્ષેત્રમાં જોબ કરવા માટે PAI ચાર્ટ હોવા જરૂરી છે. P ફોર પર્સનાલીટીટી, A ફોર એપ્ટીટયુડ અને I ફોર ઈન્ટેલેકચ્યુઅલ. આની સાથે સાથે જનરલ નોલેજ પણ જરૂરી છે.' આ પ્રોગ્રામમાં દેશના ૧૫ રાજયોથી કુલ ૬૩૫ જેટલા એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રશ્નો પૂછીને મૂંઝવણોના ઉકેલ મેળવાનું પ્રયાસ કર્યુ હતું.

આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે ડૉ. જતીન નાયકને વિસ્તૃત માહિતી પૂરી પાડવા બદલ આભાર વ્યકત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આઈ.કયુ.એ.સી. સેલના કો–ઓર્ડિનેટર પ્રો. ડૉ. ક્રિષ્ના દેસાઈ, કરિયર ગાયડંસ સેલના ચેર પર્સન પ્રો. નંદા બોથરા અને ટેકનીકલ સ્ટાફ મિસ. ભૂમિ દેસાઈએ કર્યુ હતું.

### "૭ હાઈ ડીમાંડ સ્ટાર્ટ અપ સ્કીલ્સ": નેશનલ વેબીનાર

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં, આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ યુ–ટ્યુબ લાઈવ સ્ટ્રીમીગ અને ગુગલ મીટના માધ્યમથી 'આત્મનિર્ભર ભારત' અંતર્ગત કરિયર ગાયડંસ સેલ દ્વારા શ્રી સુરતી મોઢવનિક સાર્વજનિક ટ્રસ્ટના ચીફ એકિસકયુંટીવ ઓફીસર અને મલ્ટીનેશનલ બિઝનેસ કન્સલ્ટન્ટ શ્રી ગૌરવ દુગ્ગલ દ્વારા '૭ હાઈ ડીમાંડ સ્ટાર્ટ અપ સ્કીલ્સ' પર સાતમો નેશનલ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમણે કોઈ પણ ઉદ્યોગ શરૂ કરવા માટે જરૂરી જ્ઞાન, ઔદ્યોગિક માહિતી, વ્યાવસાયિક કુશળતા, તકનીકી કુશળતા, સર્જનાત્મક કુશળતા, અનુભવો જેવી સ્ટાર્ટ અપ સ્કીલ્સની ડીમાંડ વિષે સચોટ માર્ગદર્શન પૂરુ પાડયુ હતું. આ પ્રોગ્રામમાં દેશના ૧૮ રાજયોથી કુલ ૪૭૪ જેટલા એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યું હતું. ત્યારબાદ આ વેબીનારમાં ઉપસ્થિત સહભાગીઓને ઈ–સર્ટીફીકેટ પણ આપવામાં આવ્યા હતા.


કરિયર ગાયડંસ સેલના ઓર્ગેનૈઝીગ સેક્રેટરી પ્રો. ડૉ. સંગીતા શ્રીવાસ્તવે શ્રી ગૌરવ દુગ્ગલનો વિસ્તૃત માહિતી પૂરી પાડવા બદલ આભાર વ્યકત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરિયર ગાયડંસ સેલના ચેરપર્સન પ્રો. નંદા બોથરા તથા ટેકનીકલ સ્ટાફ મિસ. ભૂમિ દેસાઈ અને ક્રીના દેસાઈએ કર્યુ હતું.

## સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા.

### "Role of Community Medicine & Homoeopathy in today's Era": Seminar

સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર, વ્યારા અને હોમિયોપેથીક મેડીકલ એસોસિયેશન ઓફ ઈન્ડિયા, વ્યારા શાખા દ્વારા હોમિયોપેથીક કોલેજ, વ્યારા ખાતે તા. ૧/૭/૨૦૨૦ના બુધવારે ડૉક્ટરર્સ–ડે ની ઉજવણીના ભાગરૂપે હાલમાં ચાલી રહેલ કરોના મહામારીની દેશઆખા પરિસરમાં જે ભયાવહ વાતાવરણ ઉપસ્થિત થયેલ છે ત્યારે આવા કપરા સમયમાં કોમ્યુનીટી મેડીસીન અને હોમિયોપેથી દવાની ઉપયોગીતા વિષય "Role of Community Medicine & Homoeopathy in today's Era" વિષય ઉપર ઓનલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ડૉ. નવિનભાઈ મહંત (MBBS), પલસાણા અને ડૉ. પંકજભાઈ લાઠીયા (MD Hom.), સુરતનાઓએ જરૂરી માહિતી સાથે સૂચનો આપ્યા હતા. સેમિનારમાં ચતુર્થ વર્ષ અને ઈન્ટર્ની વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકમિત્રોએ ભાગ લીધો હતો. સેમિનાર માહિતીપૂર્ણ રહ્યો.

સદર સેમિનારનું સંચાલન કોલેજના આચાર્યાશ્રી ડૉ. જયોતિબેન રાવ અને ડૉ. ભાવિન મોદીના માર્ગદર્શન હેઠળ સેમિનાર કમિટી ટિમે કર્યું હતું.



### સ્વાતંત્ર્યપર્વની ઉજવણી

સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર દ્વારા કોવિડ–૧૯ની માર્ગદર્શિકા મુજબ ૭૪માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ટ્રસ્ટના સેક્રેટરી શ્રી નિખિલભાઈ શાહ, આચાર્યશ્રી ડૉ. જ્યોતિ રાવ અને સ્ટાફના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રગીત અને વંદેમાતરમ્ સમુહગીત પાઠ સાથે ડૉ. પિયુષ પંડયાના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું.



## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Surat.

### વકતૃત્વ સ્પર્ધા

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ દ્વારા તા. ૨૮/૦૮/૨૦૨૦ના રોજ ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિષયો ઓનલાઈન શિક્ષણના લાભાલાભ અને ભારતમાં કોવિડની અસર પર વિદ્યાર્થીઓએ અસરકારક રીતે વ્યકતવ્ય આપ્યું હતું. આ સ્પર્ધામાં પટેલ કિરણ, પટેલ ધ્રુવ અને સોની રિધ્ધિએ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજની સર્જનાત્મક અભિવ્યકિત ધારાના સભ્યોએ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. પ્રા.ડૉ. પ્રતિક્ષા દેસાઈ અને ડૉ. હુરમઝ પટેલે સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

### વર્ષા ગીત સ્પર્ધા

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ દ્વારા તા. ૦૫/૦૯/૨૦૨૦ના રોજ ઓનલાઈન વર્ષા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ કર્ણપ્રિય અવાજમાં ગીતો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં ગીરી મનીષા, જાદવ સોહન અને બિસવાલ બિદ્યાધરએ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજની ગીત–સંગીત–નૃત્યુ ધારાના સભ્યોએ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. પ્રા. કલ્પેશ કંસારાએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

## વર્તમાનપત્રોમાં યુનિવર્સિટી વૃત્ત

ગુજરાત ગાર્ડિયન તા. ૧૮-૯-૨૦૨૦

# નર્મદ યુનિ.ના બાપાલાલ વૈદ્ય બોટનિકલ ગાર્ડનના સંવર્ધન માટે વૈદ્ય પરિવારનું ૨૦ લાખનું દાન

**સુરત, તા.૧૭**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઉપર પાછલા ત્રણ વર્ષથી છવાયેલા ગ્રહણનો ઓછાયો હવે ધીમે ધીમે દુર રહ્યો છે. અને ફરી એક વખત યુનિવર્સિટીએ વિકાસની ગતિ પકડી છે. ત્રણ વર્ષના લાંબા સમયગાળા બાદ યુનિ.ના બાપાલાલ વૈદ્ય બોટનિકલ રિસર્ચ સેન્ટરને તેમના પરિવારજનો દ્વારા ઇન્ચાર્જ કુલપતિને ૧૦ લાખનો ચેક અપર્ણ કરાયો હતો અને વધુ ૧૦ લાખ આપવાનું વચન આપ્યું હતુ. જેથી યુનિવર્સિટીને કુલ ૨૦ લાખનું દાન મળ્યું છે.

ગુજરાતનું રત્ન વૈદ્યરાજ બાપાલાલ ગડબડદાસ વૈદ્ય એક અનન્ય પ્રતિભા હતા, મુંબઇની મેડીકલ કોલેજમાં પણ પ્રવેશ મેળવ્યા બાદ મુંબઇમાં ઇન્ફ્લુએન્ઝાની મહામારી વકરતા તેઓ અભ્યાસ છોડીને ઘરે પરત ફર્યા હતા. ત્યારબાદ અમૃલાલ પટણી પાસે બાપાલાલ વૈદ્યએ અભ્યાસ કર્યો, ઝાડેશ્વર રહેવાનું અને ભરૂચની પ્રાથમિક શાળામા અધ્યાપન કરવાનું સવાર-સાંજ દોડતા પહોંચવાનું અને સાંજે દોડતા જ ભરૂચ પાછા ફરવું, બસ અને રીક્ષા તે જમાનામાં હતી જ નહીં. આ પ્રકારની તંદુરસ્તી અને આરોગ્યમાં ખાસ રૂચી બાદ તેઓ સુરતમાં સ્થાયી થયા અને સુરતના ઓચ્છવલાલ નાઝર આર્યુવેદ કોલેજ, તાપી બ્રહ્મચર્યાશ્રમ અને આત્માનંદ સરસ્વતિ ફાર્મસીનાં વિકાસનો બાપાલાલ વૈદ્ય પર્યાય બન્યા. તેમણે કુલ૩૪ પુસ્તકોનું સર્જન કર્યું અને રણજીતરામ સુવર્ણ ચંદ્રક મેળવીને તેમણે સુરતને પ્રખ્યાત કર્યું હતું. બાપાલાલ વૈદ્યનું જીવનકાળનું સ્વપ્ન તેમના મૃત્યુબાદ યુનિવર્સિટીના પરિસરમાં સાકાર થયું હતું. જ્યાં ૧૯૯૪માં બાપાલાલ વૈદ્ય બોટનીકલ રીસર્ચ સેન્ટરની સ્થાપના થઇ હતી અને ૧૯૯૬માં તે વિદ્યાર્થીઓના સંશોધન માટે ખુલ્લુ મુકાયું હતુ. બાપાલાલ વૈદ્યની ૧૨૫મી જન્મજંયતિ હોવાથી આજે યુનિવર્સિટી ખાતે પહોંચેલા બાપાલાલ વૈદ્યના પુત્ર ડૉ. આનંદ વૈદ્ય અને પરિવારજનોએ ઇન્ચાર્જ કુલપતિ હેમાલીબેન દેસાઇને બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ સંલગ્ન બાપાલાલ વૈદ્ય બોટનીકલ ગાર્ડનના જતન અને સંવર્ધન માટે ૧૦ લાખનો ચેક અપર્ણ કર્યો હતો, અને ૧૦ લાખ રૂપિયાનું વધારાનું દાન આપવાનું વચન આપ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે તત્કાલીન કુલપતિ દક્ષેશ ઠાકરના શાસનમાં દાનની સરવાણી જોવા મળી હતી, જેને પગલે ક્રિકેટ સ્ટેડીયમ, ગુજરાતી ભવન, આર્કિટેકચર કોલેજ, મેનેજમેન્ટ ભવન, સરસ્વતી ભવન, એકઝીબેશન હોલ, બાગ બગીચા સહિતના અનેક પ્રકલ્પો તૈયાર થતા વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરી રહ્યા છે. જો કે પાછલા ત્રણ વર્ષમાં કુલપતિ શિવેન્દ્ર ગુપ્તાના શાસનમાં જાણે દાનનો ધોધ અટકી પડ્યો હતો અને યુનિ.ને એકપણ રૂપિયાનું દાન મળ્યું ન હતુ. જોકે હવે ફરી એક વખત કોરોનાની મહામારી અને આર્થિક તંગી વચ્ચે પણ દાન મળવાનો સિલસિલો શરૂ થયો છે.

**ભરૂચ બાદ સુરતમાં સ્થાયી થયેલા બાપાલાલ વૈદ્ય આર્યુવેદ કોલેજ, તાપી બ્રહ્મચર્યાશ્રમ અને આત્માનંદ સરસ્વતિ ફાર્મસી કોલેજનાં વિકાસમાં સહભાગી બન્યા હતા**

**બાપાલાલ વૈદ્યની ૧૨૫મી જન્મજયંતી પ્રસંગે પુત્ર ડો. આનંદ વૈદ્ય અને પરિવારજનોએ ૧૦ લાખનો ચેક અને ૧૦ લાખનું વચન આપ્યું**

ગુજરાત ગાર્ડિયન તા. ૧૮-૯-૨૦૨૦

# દેશના પ્રથમ 'સસ્ટેનેબલ રૂરલ ડેવલપમેન્ટ'ના નવા ભવન માટે રાજ્યના શિક્ષણ વિભાગે ૪ કરોડ આપ્યા

**સુરતઃ** વર્ષ ૧૯૭૦થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં કાર્યરત મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી પાંચ વર્ષના ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમનો પ્રારંભ થયો છે. દેશમાં સૌ પ્રથમવાર આ પ્રકારનો અભ્યાસક્રમ શરૂ થતા ગ્રામીણ વિસ્તારના સંશોધનને વેગ મળશે. દક્ષિણ ગુજરાતના ગ્રામીણ વિકાસ માટે અને ગ્રામ્યના વિદ્યાર્થીઓ માટે આ અભ્યાસક્રમ મહત્વનો સાબિત થાય તેમ છે. એમઆરએસ ઇન સસ્ટેનેબલ ડેવલપમેન્ટનાં ૫ વર્ષનાં અભ્યાસક્રમમાં આર્ટસ, કોમર્સ કે પછી સાયન્સ એમ ત્રણેય અભ્યાસક્રમમાં ધોરણ-૧૨માં પાસ કર્યું હોય તેવા વિદ્યાર્થીઓ પ્રવેશ આપવામાં આવશે. જેમાં પ્રથમ ત્રણ વર્ષ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને બી.આર.એસ અને ત્યારબાદ ૫ વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને માસ્ટર ડિગ્રીનું પ્રમાણપત્ર એનાયત કરાશે. આ અભ્યાસક્રમને વેગ મળી રહે તે માટે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ૪ કરોડ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. યોગાનું યોગ આ વર્ષે યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના સ્થાપનાનું સુવર્ણ જંયતિ વર્ષ પણ હોવાથી ડિપાર્ટમેન્ટ અને યુનિવર્સિટીની કિર્તીમાં વધારો થયો છે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા યુનિવર્સિટીને નવીનીકરણ યોજના હેઠળ ૫૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ પણ મંજુર કરવામાં આવી છે.

સંદેશ તા. ૧૮-૯-૨૦૨૦

### ગુરુવાર શુકનવંતો સાબિત, ૧૦ લાખનું દાન પણ મળ્યું

# યુનિ.માં અનુસ્નાતક ભવનના નિર્માણ માટે ૪ કરોડની ગ્રાન્ટ

। સુરત ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે ગુરુવારનો દિવસ શુકનવંતો સાબિત થયો હતો. કારણ કે, એક જ દિવસમાં શિક્ષણ વિભાગ દ્વારા અનુસ્નાતક ભવનના નિર્માણ માટે ૪ કરોડની ગ્રાન્ટની ફાળવણી અને લાંબા સમય બાદ ૧૦ લાખ રૂપિયાનું દાન પણ મળ્યું હોય યુનિવર્સિટી વર્તુળમાં ચર્ચાનું મોજું ફળી વળ્યું હતું.

યુનિવર્સિટી પરિસરમાં કાર્યરત મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં આ વર્ષથી પાંચ વર્ષનો ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ 'સસ્ટેનેબલ રૂરલ ડેવલપમેન્ટ'નો અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ થવા જઇ રહ્યો છે. દેશમાં પ્રથમવાર આ અભ્યાસક્રમ શરૂ થશે, જેને કેન્દ્રમાં રાખીને લાંબા ગાળાના આયોજનના ભાગરૂપે સંપૂર્ણ સુવિધાયુક્ત ભવન બનાવવાનો પ્રસ્તાવ ગુજરાત રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવને રાજ્ય સરકારના શિક્ષણવિભાગે સ્વીકારી ૪ કરોડની ગ્રાન્ટ આપવાનો નિર્ણય લીધો છે. આ સાથે જ નવીનીકરણ યોજના હેઠળ યુનિવર્સિટી માટે ૫૦ લાખ જેટલી રકમની ગ્રાન્ટ પણ મંજૂર કરવામાં આવી છે. બીજીબાજુએ કુલપતિ ડો. શિવેન્દ્ર ગુપ્તાના કાર્યકાળમાં યુનિવર્સિટીને વિકાસકાર્યો માટે અનુદાન મળતું ન હોવાની ફરિયાદો ઉઠી હતી. જોકે, તેમાં લાંબા સમય બાદ ગુરુવારે યુનિવર્સિટી સ્થિત બાપાલાલ વૈદ્ય બોટોનિકલ રિસર્ચ સેન્ટર માટે ૧૦ લાખ રૂપિયાનું અનુદાન એક દાત્તા દ્વારા યુનિવર્સિટીને અપાયુ હતુ. કાર્યકારી કુલપતિ ડો.હેમાલી દેસાઇ, કાર્યકારી કુલસચિવ અરવિંદ ધડુક, સિન્ડિકેટ સભ્ય ડો. કશ્યપસિંહ ખરચીયા સહિતનાઓની હાજરીમાં અનુદાનનો ચેક અપાયો હતો. આ સિવાય આગામી દિવસોમાં બીજા ૧૦ લાખ અનુદાનનું વચન આપ્યું છે. આમ, ગુરુવારે એક જ દિવસમાં અનુદાન અને ગ્રાન્ટ મળતાં યુનિવર્સિટી વર્તુળમાં ખુશીની લહેર ફેલાઇ ગઇ હતી.


**બોટોનિકલ રિસર્ચ સેન્ટર માટે અન્ય ૧૦ લાખ અનુદાનની ખાતરી**

ગુજરાતમિત્ર તા. ૧૯-૯-૨૦૨૦

**નર્મદ યુનિ.ની બાયોસાયન્સના વિદ્યાર્થી દ્વારા પાંચ વર્ષની મહેનતને અંતે સંશોધન કરાયું**

# ડાયનાસોર સમયની લુપ્ત થયેલી વનસ્પતિ શોધી કાઢવામાં આવી

**આ વનસ્પતિની** પ્રજાતિનું અસ્તિત્વ પૈકી 30 ટકા હજુ સુધી સચવાયેલું છે




સુરત : વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના બાયો સાયન્સ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીએ છેલ્લા પાંચ વર્ષ સુધી રિસર્ચ કરીને પૃથ્વીના ઉદ્ભવ સમયની ડાયનોસોરના કાળમાં આજથી પાંચ હજાર વર્ષ પહેલા અસ્તિત્વ ધરાવતી વિશ્વની સૌથી નાની ફર્નસ અને ટેરીડોફાઇટસ વનસ્પિતિની પ્રજાતિ શોધી કાઢી છે. ડાઇનોસોરના સમય દરમિયાન



ફળ-ફુલ ધરાવતી કોઇ વનસ્પિતનું અસ્તિત્વ ન હતું તે સમય દરમિયાન ટેરીડોફાઇડ પ્રકારની નાની વનસ્પતિઓ હયાત હતી.

સમય આગળ વધતો ગયો અને આ વનસ્પિતિઓ લુપ્ત થતી ગઇ. ફળ -ફૂલ ધરાવતી વનસ્પતી આવ્યા બાદ આ પ્રકારની પ્રજાતી લુપ્ત થઇ ગઇ હતી. જો કે સુરતની બાયો સાયન્સ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થી મિતેષ પટેલે પાંચ વર્ષ સુધી રિસર્ચ કરીને લુપ્ત થઇ રહેલી ટેરીડોફાઇડ પ્રજાતી શોધી છે. રિસર્ચ પ્રમાણે પૃથ્વી પર હજી પણ આ પ્રજાતિનું અસ્તિત્વ 30 ટકા સચવાયેલું છે. જે અંતર્ગત તેણે ગુજરાતમાંથી 3 નવી ટેરીડોફાઇડ અને એક ફ્લાવરીંગની પ્રજાતિ શોધી છે.

આ તમામ પ્રજાતિ વિશ્વની સૌથી નાના કદની અને જમીન પર ઉગતી પ્રજાતિ છે. ક્રાઇનમ રેડ્ડી સિવાયની અન્ય ત્રણ પ્રજાતિમાં ફળ-ફૂલ આવતા નથી. આ પ્રજાતી પૃથ્વીના ઉદ્દ્ભવ સમયની છે, જે સમય થતા લુપ્ત થઇ ગઇ હતી. પરંતું ઇન્ટરનેશનલ લેવલે પ્રુફ થયુ છે કે પૃથ્વી પર હજી આ પ્રજાતિનું 30 ટકા અસ્તિત્વ સચવાયેલું છે. આ તમામ પ્રજાતિઓ કોમ્યુનિટી માટે નવી છે.

### કઇ કઇ પ્રજાતિ વિશે સંશોધન કરાયું

1) **ઓફીયોગ્લોસમ માલવી**- આ પ્રજાતિ ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લાના ઝાંખના ગામમમાંથી મળી હતી. આ પ્રજાતિએ વિશ્વમાં સૌથી નાની વનસ્પતિ તરીકેનું સ્થાન મેળવ્યું છે.
2) **ઓફિયોગ્લોસમ અલીટમ** - આ પ્રજાતિ ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લાના બરીપાડા ગામમાંથી મળી આવી હતી. આ પ્રજાતિના બીજાણું અન્ય ઉપલબ્ધ પ્રજાતિ કરતા વિશિષ્ટ પ્રકારના છે.
3) **ઓફીયોગ્લોસમ હીટકીશોરાઇ** - આ પ્રજાતિ ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લાના કોડમાળ નજીક ડોન પર્યટક સ્થળ પાસેથી મળી આવી છે. તેનું જનીન દ્રવ્ય અને બીજાણું વિશિષ્ટ પ્રકારના છે. આ પ્રજાતિનું નામ ભોપાલ યુનિ. ના રિટાયર્ડ પ્રોફેસર ડો. હીટકીશોર ગોસ્વામીના નામ પરથી આપવામાં આવ્યું છે.
4) **ક્રાઇનમ રેડ્ડી** - આ પ્રજાતિ ગુજરાત રાજ્યના ઘુંટવેલ ગામની ગીરા નદી પાસેથી મળેલ છે. આ પ્રજાતિનું નામ નર્મદ યુનિ.ના બાયો સાયન્સ ડિપાર્ટમેન્ટના હેડ ડો. એમ.એન. રેડ્ડી પરથી આપવામાં આવ્યું છે.

ધબકાર તા. ૧૯-૯-૨૦૨૦

# દ. ગુ. યુનિ.ના બાપાલાલ વૈદ્ય બોટાનીકલ રીસર્ચ સેન્ટરને ૧૦ લાખનું અનુદાન મળ્યું

## એક દાતા તરફથી ૦ લાખના અનુદાનનું વચન પણ અપાયુ

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૧૮

વૈધરાજ બાપાલાલ ગડબડદાસ વૈધ એક અનન્ય પ્રતિભા હતા. મુંબઇની મેડીકલ કોલેજમાં પ્રવેશ લીધો પણ કુદરતમાં કશું બીજું નિર્માણ કે મુંબઇ ઇન્ફલુએન્ડાની મહામારીમાં સપડાયું અને બાપાજી અભ્યાસ છોડી ફરી ઘરે પાછા ફર્યા.

અમૃતલાલ પટણી તે સમયના પ્રખ્યાત વૈધે એમના ગુરુ બની વૈધનો અભ્યાસ કરાવ્યો. ઝાડમ્બરે રહેવાનું ભરૂચની પ્રાથમિક શાળામાં અધ્યાપન કરવાનું સવાર-સાંજ દોડતા પહોચવાનું? સાંજે દોડતાજ ભરૂચ પાછા ફરવાનું બસ અને રીક્ષાનો હોયજ ક્યાંથી,

સુરતનું સદ્ભાગ્યને સુરતમાં સ્વાર્થી થયા. સુરતની ઓચ્છવલાલ નાઝર આયુર્વેદ કોલેજ, તાપી બ્રહમચર્યાશ્રમ અને આત્માનંદ સરસ્વતિ ફાર્મસી એટલે બાપાજીની સુરતને આપેલી અમુલ્ય ભેટ, બાપાજીએ ચોત્રીસ પુસ્તકોનું સર્જન કર્યુ. શ્રી રણજીતરામ સુવર્ણચંદ્રક પામી સુરતને પ્રખ્યાત કર્યુ. એમના જીવનકાળ દરમિયાન જોયેલું સ્વપ્ન એમના મૃત્યુબાદ પરિપૂર્ણ કર્યુ સુરત અને સુરત શહેર એમના નામને સાર્થક કરે તેવું શ્રી બાપાલાલ વૈધ બોટનીકલ રીસર્ચ સેન્ટર સ્થાપી સન ૧૯૪માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને અર્પણ કર્યુ.

- શ્રી બાપજીના નિધન પછી યુનિવર્સિટી પ્રતિષ્ઠાન ખાતે સન ૧૯૯૬ની ૧૭ સપ્ટેમ્બરે બાપાલાલ વૈધ બોટનીકલ રીચ સેન્ટરની સ્થાપના કરાઇ. શ્રી બાપાજીની ૧૨૫મી જન્મજયંતિના નિમિત્તે સુરત સ્થિત એક દાતા દ્વારા રૂા.૧૦ લાખનું અનુદાન યુનિવર્સિટીને અર્પણ કરાયું. આ ઉપરાંત બીજા ૧૦ લાખનાં અનુદાનનું વચન અપાયું છે.

આમાંથી રૂ.૧૦ લાખ દ્વારા શ્રી બાપાલાલ વૈદ્ય ચેરનું નિર્માણ કરાશે જેના અંતર્ગત વિવિધ શૈક્ષણિક અને સંશોધન અંગેની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાશે. ઉપરાંત બીજા રૂા.૧૦ લાખમાંથી બાપાલાલ વૈધ રીર્સ સેન્ટરનું મેન્ટેનન્સનું કાર્ય હાથ ધરાશે.

શ્રીમાન દાતા દ્વારા અનુદાનનો ચેક તા.૧૭૦૯ ૨૦૨૦ એ ઇ.ચા. કુલપતિ ડ. હેમાલીબેન દેસાઇ, ઇ.ચા.કુલસચિવ એ.વી. ધડુક, પ્રોફેસર, એમ.એન. રેડી, હેડ, બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ અને સિન્ડીકેટ સભ્ય કશ્યપ ખરચીયાની ઉપસ્થિતીમાં યુનિવર્સિટીને સમર્પિત કર્યા.

ગુજરાતમિત્ર તા. ૧૯-૯-૨૦૨૦

# આયુર્વેદ જગતના સાહિત્યસર્જક મૂળ સુરતના બાપાલાલ વૈદના નામે પોસ્ટલ સ્ટેમ્પ લોન્ચ કરાયા

**અમદાવાદની** ગવર્નમેન્ટ અખંડાનંદ આયુર્વેદ કોલેજ દ્વારા બાપાલાલ વૈદના 125મા જન્મદિન નિમિત્તે પોસ્ટલ સ્ટેમ્પનું લોન્ચિંગ કરાયું



સુરત : સુરતનું ગૌરવ ગણાતા એવા આયુર્વેદ જગતના ગુજરાતી શંસોધક, પ્રચારક અને વિપુલ આર્યુર્વેદિક સર્જક એવા મૂળ સુરતના અને ઓ.એચ.નાઝર આર્યુવેદ કોલેજના પ્રિન્સિપાલ સ્વ. બાપાલાલ વૈદની 125 મી વર્ષગાઠ નિમિતે ગુજરાત પોસ્ટલ વિભાગ દ્વારા તેમના નામ અને ફોટા સાથે સ્ટેમ્પ લોન્ચ કરવામાં આવ્યો છે.

અમદાવાદની ગવર્મેન્ટ અખંડાનંદ આયુર્વેદ કોલેજ દ્વારા બાપાલાલ વૈદના 125 માં જન્મદીન નિમિત્તે વી.ડી. ભવન ખાતે સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેંમાં ગુજરાત પોસ્ટલ વિભાગ દ્વારા તેમના નામ અને ફોટા સાથે પોસ્ટલ સ્ટેમ્પ લોન્ચ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે બાપાલાલ વૈદની 125 મી વર્ષગાંઠ નિમિતે વીર નર્મદ યુનિવર્સિટીના બાયો સાયન્સ ડિપાર્ટમેન્ટમાં બોટનિકલ ગાર્ડનના સંવર્ધન માટે 10 લાખ રૂપિયાનું દાન કરવામાં આવ્યું છે. ગુજરાતનું રત્ન ગણાતા એવા બાપાલાલ વૈદ અનોખી પ્રતિભા ધરાવતા હતા. મુંબઈની મેડીક્લ કોલેજમાં પ્રવેશ મેળવ્યા બાદ મુંબઈમાં ઈન્ફુલુલેન્ડાની મહામારી વકરતા તેઓ અભ્યાસ છોડીને ઘરે પરત ફર્યા હતા. ત્યારબાદ અમૃતલાલ પટણીને ગુરુ માનીને તેમની પાસે તેમણે અભ્યાસ શરૂ કર્યો. સવાર-સાંજ દોડતા પહોંચીને ભરૂચની ઝાડેશ્વર શાળામાં તેમણે પોતાનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું હતું. આરોગ્યમાં ખાસ રૂચી આવ્યા બાદ તેઓ સુરતમાં સ્થાયી થયા અને સુરતની ઓચ્છવલાલ નાઝર આર્યુવેદ કોલેજ તેમજ તાપી બ્રહ્મચર્યાશ્રમ અને આત્માનંદ સરસ્વતી ફાર્મસી વિકાસનો તેઓ પર્યાય બન્યા. તેમણે આર્યુવેદ અંતર્ગત કુલ 34 પુસ્તકોનું સર્જન કર્યું છે. તેમણે રણજીતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરીને આ પહેલા પર સુરતનું નામ રોશન કર્યું હતું અને આજે ગુજરાત પોસ્ટલ વિભાગ દ્વારા તેમના ફોટા સાથે પોસ્ટલ સ્ટેમ્પ લોન્ચ કરતા તેમણે બીજી વખત સુરતને ઐતિહાસિક ગૌરવ અપાવ્યું છે.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Arvind V. Dhaduk**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭

**E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgulibrary.org.in**